ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ડો. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧



પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪



ધૃવિલ અશ્વિનકુમાર પટેલ
મો. ૭૦૪૩૪ ૧૬૬૪૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# હેકાથોનમાં વડાપ્રધાને ઈજનેરી કોલેજોના વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો

ગાંધીનગર, તા. ૪

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનમાં શનિવારે રાત્રે ૧૦ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી વાર્તાલાપ કરીને તેમના પ્રશ્નો સમજીને તેના જવાબો આપ્યા હતા. પ્રશ્નોત્તરી પહેલાં વડાપ્રધાને ઈજનેરી વિદ્યાર્થી, પ્રોફેસરોને સંબોધન કરતાં કહ્યું કે સરકાર પાસે તમામ સમસ્યાઓનું સમાધાન નથી. જેના કારણે તમારી મદદ લેવી પડે છે. તમારા આઈડિયા, એપ્લિકેશન અને સોફ્ટવેર ભવિષ્યમાં સરકારની નીતિઓનો એક ભાગ બની શકે છે. ટેકનોલોજીથી તમામ સમસ્યાઓનો ઉકેલ મળી શકાય છે. તમે સ્વપ્ન જોવાનું બંધ ન કરો, તમારા સ્વપ્નો અને તેમાંથી મળતાં આઈડિયા એક દિવસ તમને મલ્ટીનેશનલ કંપનીના માલિક પણ બનાવી શકે છે. વિદ્યાર્થીઓને વડાપ્રધાને કહ્યું કે તમારી પ્રોડ્કટની ગુણવત્તા સાથે કયારેય બાંધછોડ ન કરતાં કારણે ભવિષ્યમાં તે હજારો લોકો માટે જીવન-મરણનો પ્રશ્ન થઈ પડશે. તમારી આજની મહેનત ભવિષ્યમાં બીજા માટે પ્રેરણાનું કારણ બની શકશે. બની શકે કે હાલમાં તમે જે કરી રહ્યો છે તે લોકો સમજી ન શકે પરંતુ સફળતા મળ્યા પછી આજ વસ્તુ તમને બીજા કરતાં અલગ પાડશે. આજના યુવાનોને નોકરી કરવા કરતાં બીજાને નોકરી આપી શકે તેવા બનવામાં વધુ રસ છે. ઈજનેરીમાં તમે જે ભણો છો તેનો ઉપયોગ રોજિંદા જીવનમાં પણ કરતાં શીખો. જ્ઞાન અને કૌશલ્ય બન્ને અલગ બાબત છે. માત્ર જ્ઞાન મેળવીને બેસી રહેવા કરતાં તેને જીવનમાં એપ્લાય કરતાં શીખો.

દેશની કુલ ૨૬ જગ્યા પર હેકાથોનનું આયોજન કરાયું હતું. વડાપ્રધાને અમદાવાદ, પુના, કોલકત્તા, નાગપુર, જયપુર, ઝારખંડ વગેરેના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. ગુજરાતની વીવીપી ઈજનેરી કોલેજની વિદ્યાર્થિની પૂર્વા વડગામાએ પ્રારંભમાં પુછયુ કે 'કેમ છો' ? જેના જવાબમાં મોદીએ રમૂજ સાથે કહ્યું કે 'એવા ને એવા'. આ સંવાદ બાદ વડાપ્રધાને વિદ્યાર્થીઓએ કયા વિષય પર સંશોધન કર્યુ છે તે પુછયું હતું. જેમાં વિદ્યાર્થિનીએ કહ્યું કે ઈસરો દ્વારા જે ડેટા એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવામાં આવે છે તે હેક થવાની શકયતા છે. આ ડેટાને ઈમેજમાં ટ્રાન્સફર કરી ઈમેજથી મોકલવામાં આવે તો ભવિષ્યમાં પણ કયારેય ડેટા ચોરાવવા કે હેક થવાની શકયતા રહેતી નથી. વડાપ્રધાને વિદ્યાર્થિનીને કહ્યું કે સાયબર સિક્યુરિટી પર કેવી રીતે કામ કરશો ? જેના જવાબમાં વિદ્યાર્થિનીએ કહ્યું કે નેટવર્કીંગથી. અમદાવાદ ઉપરાંત પુનાની એક વિદ્યાર્થિનીએ મહિલાઓના સુરક્ષાને લઈને બનાવેલી એપ્લિકેશન અંગે માહિતી આપી હતી. અલ્હાબાદના આદિત્યએ કરેલા પ્રેઝન્ટેશનને જોઈને વડાપ્રધાને રમૂજ કરતાં કહ્યું કે 'રાજકારણમાં જોડાવાની ઈચ્છા છે?'



સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે શાળાનો વાર્ષિકોત્સવ તથા ધોરણ-૮ના વિદ્યાર્થીઆ તેમજ શાળાનાં શિક્ષક રેગીનાબેન મેકવાનનો વિદાય સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઍસઍમસીના અધ્યક્ષ નવલભાઈ પારગી, શિક્ષણવિદ બિપીનભાઈ રાવલ તથા સભ્યો, વાલીગણે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ધોરણ-૧, ૨ના વિદ્યાર્થીઓએ બેટી સન્માનનું ગીત, સ્વાગત ગીત, પંજાબી ડાન્સ, મરાઠી ડાન્સ, અભિનય ગીત, નાટક તથા દેશભક્તિ ગીત પર ડાન્સ વગેરે સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

ત્યારબાદ શાળાનાં મુખ્ય શિક્ષક મીનાક્ષીબેન જોષી દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન થયેલી શાળાની પ્રવૃત્તિઓ અને તેમાં સાધેલી પ્રગતિઓનો ચિતાર આપવામાં આવ્યો હતો. શાળામાં ચાલતા સીવણ વર્ગની વિશેષ વાત પણ તેમણે કરી હતી. ધોરણ-૬થી ૮ની બાળાઓ સ્વનિર્ભર બની ભવિષ્યમાં આર્થિક ઉપાર્જન કરી શકે તે માટે કન્યા શિક્ષણની તેમણે હિમાયત કરી હતી. સરકારી શાળાઓમાં મળતા વિશેષ લાભની વાત પણ વાલીગણ સમક્ષ તેમણે કરી હતી અને શાળાની સિદ્ધિઓ વર્ણવી હતી.

શિક્ષક નિવૃત્તિ સમારોહ અંતર્ગત સ્મિતાબેન જાની, શીતલબેન બારોટ, રશ્મિબેન આનંદ અને રેગીનાબેન મેકવાનો પોતાના પ્રતિભાવ પ્રસ્તુત કર્યા હતા. બિપીનભાઈ રાવલ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને રમતગમત કિટ તથા પ્રોત્સાહક ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ૮૨મા ઉત્કલ દિવસની ઉજવણીમાં બીબીએ કોલેજનો અભૂતપૂર્વ સહયોગ



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ઉડીયા સમાજ દ્વારા આયોજીત રાજ્ય ના ૮૨માં સ્થાપના દિન ઉત્કલ દિવસ ની ઉજવણી ના કાર્યક્રમમાંગુજરાત રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી સાહેબ મુખ્ય મહેમાન તરીકે તેમજ રાજ્યના મહિલા અને બાળવિકાસ મંત્રીશ્રી નિર્મલા વાધવાણી ની અતિથીવિશેષ તરીકે પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ આયોજિત થયો હતો. રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રીના વરદ હસ્તે ઉડિયા સમાજની વેબસાઈટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રી દ્વારા તેમના પ્રેરક ઉદબોધન માં ઉડિયા સમાજ ના લોકો ને રાજ્ય-સ્થપના દિવસ ની શુભકામના પાઠવી હતી. સાથે સાથે પૂર્વ ભારતની તેમજ પશ્ચિમ ભારત ની સંસ્કૃતિ ના અભૂતપૂર્વ મિલન બાબતે ઉપસ્થિત લોકોને માહિતગાર કાર્ય હતા. તેમજ પૂર્વ આઈ.ઍ.ઍસ અધિકારી અને જગન્નાથ સાંસ્કૃતિક અને રીસર્ચ એકેડેમીના ચેરમેન ડો. ઍસ.કે નંદા, ગાંધીનગર ઉડીયા સમાજના અધ્યક્ષ ઍસ. કે. મિશ્રા તેમજ ગુજરાત રાજ્યના વિજીલન્સ કમિશ્નર એચ. કે. દાસ , ઉડિયા સમાજ ગાંધીનગર ના મહામંત્રી તેમજ ગુજકોસ્ટના ડિરેક્ટર ડો.નરોત્તમ સાહુ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ઉડિયા સમાજ તરફ થી કડી સર્વ વિશ્વવિદ્યાલય ને શિક્ષણના ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન બદલ એવોર્ડ એનાયત કરવા માં આવ્યો હતો. કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીઍના વિદ્યાર્થીઓ દ્વારા ઈવેંટ મેનેજ કરવા માં આવી. રાજ્યકક્ષા નાં આ કાર્યક્રમ માં બીબીઍના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટેજ મેનેજમેન્ટ તેમજ અન્ય જવાબદારીઓ નીભાવવામા આવી હતી. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ માં વિવિધ સાંસ્કૃતીક પર્ફોર્મેન્સ આપવા માં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે. કે છેલ્લા ૮ વર્ષ થી બીબીઍ નાં વિદ્યાર્થીઓ ઉત્કલ દિવસમાં સ્વયંસેવક તરીકે ફરજ બજાવે છે.ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ દ્વારા સાત જેટલી પ્રતિષ્ઠિત રાજ્યકક્ષાની ઈવેંટ મેનેજ કરી છે.તેમજ બીબીઍ નાં વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત ની ઓળખ સમા ગરબા ની રજૂઆત થી પ્રેક્ષકો ને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સાથે વેસ્ટર્ન ડાન્સ સહિતનાં કાર્યક્રમો વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવ્યા હતા.

# જેઈઈ મેઈનની પરીક્ષામાં મેથ્સના પ્રશ્નોએ વિદ્યાર્થીઓને મૂંઝવી નાખ્યા

## ગુજરાતમાં ગુજકેટ લેવાની હોવા છતાં ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીએ જેઈઈ આપી

ગાંધીનગર, તા. ૪

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે રવિવારે સમગ્ર દેશમાં જેઈઈ એટલે કે જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ લેવાઈ હતી. આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી અંદાજે ૧૨ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી અંદાજે ૬૦ હજાર વિદ્યાર્થીઓએ જેઈઈ આપી હતી. જેઈઈની આજની એકઝામ વિદ્યાર્થીઓને પ્રમાણમાં અઘરી અને મુશ્કેલ લાગી હતી. ખાસ કરીને મેથ્સના પ્રશ્નોએ વિદ્યાર્થીઓને ભારે હેરાન કર્યા હતા. ગુજરાતમાં આ વખતે ઈજનેરીમાં પ્રવેશ માટે ગુજકેટ લેવાની હોવા છતાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જેઈઈ આપી હતી. આ પરીક્ષાનું પરિણામ આગામી તા. ૨૭મી એપ્રિલના રોજ જાહેર કરાશે. જેના આધારે મે માસમાં જેઈઈ એડવાન્સ લેવામાં આવશે.

ગુજરાતમાં ચાર વર્ષથી જેઈઈ લેવાય છે. પરંતુ આ વર્ષે જેઈઈના બદલે ગુજકેટના આધારે ડિગ્રી ઈજનેરી કોલેજમાં પ્રવેશ ફાળવણી કરવાનું નક્કી કરાયું છે. જેથી ગુજરાતમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થી ગુજકેટ આપશે. પરંતુ જે વિદ્યાર્થીઓને નિરમા, પીડીપીયુ સહિતની નામાંકિત ટેકનિકલ કોલેજો ઉપરાંત આઈઆઈટીમાં પ્રવેશ લેવો હોય તેવા વિદ્યાર્થીઓએ જેઈઈ આપવી પડે છે. જેઈઈની એકઝામમાં ગુજરાતમાંથી અંદાજે ૬૦ હજાર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હોવાનું માનવામાં આવે છે. અમદાવાદમાંથી પણ અંદાજે ૧૨,૭૦૦ વિદ્યાર્થીઓ જેઈઈ આપી હતી. ગત વર્ષે ગુજરાતમાંથી જેઈઈ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા સામે આ વખતે અંદાજે ૨૫ હજાર વિદ્યાર્થીનો ઘટાડો નોંધાયો હતો. પેપર-૧માં વિદ્યાર્થીઓને ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નો વિદ્યાર્થીઓને પ્રમાણમાં મધ્યમ લાગ્યા હતા. પરંતુ મેથ્સના પ્રશ્નો વિદ્યાર્થીઓને સૌથી વધુ અઘરા લાગ્યા હતા.

વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે પ્રશ્નો લાંબા અને અઘરા હોવાથી નિર્ધારિત સમયમાં પુરા થઈ શકયા નહોતા. કેટલાક વિદ્યાર્થીઓ મેથ્સના અઘરા પ્રશ્નોના કારણે ધાર્યો સ્કોર ન કરી શકે તેવી સ્થિતિ પણ ઊભી થઈ હતી. અમદાવાદમાં કુલ ૨૬ સેન્ટરો પર જેઈઈની પરીક્ષા લેવાઈ હતી. અમદાવાદ ઉપરાંત વડોદરા, રાજકોટ, સુરત વગેરે સેન્ટરો પર પણ જેઈઈની પરીક્ષા લેવામાં આવી હતી. આગામી તા. ૨૭મી એપ્રિલે જેઈઈ મેઈનની પરીક્ષાનું પરિણામ જાહેર કરાશે. આ પરીક્ષામાં સારો સ્કોર કરનારા વિદ્યાર્થીઓની મે માસમાં જેઈઈ-એડવાન્સ લેવાશે.


ડાયરેક્ટ ❤ સે

દિલનું દર્દ
વહેમ નીકળ્યો
નિદાન કર્યું
તો પ્રેમ નીકળ્યો


## મનોરંજન

સિટી પલ્સ

**સ્કીન-૧**
નામ શબાના
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્કીન-૩**
એ લાસ્ટ કોન્જરીંગ
(અંગ્રેજી-ફોર એડલ્ટ્સ)
૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
એ લાસ્ટ કોન્જરીંગ
(હિન્દી-ફોર એડલ્ટ્સ)
૫.૧૫
**સ્કીન-૪**
બદ્રીનાથ કી દુલ્હનિયા
૧.૦૦
ફિલૌરી
૪.૦૦
પ્રેમજી (ગુજરાતી)
૭.૦૦
**સ્કીન-૫**
નામ શબાના
સવારે ૧૦.૦૦
ફિલૌરી
૧૨.૪૫, ૬.૪૫
બદ્રીનાથ કી દુલ્હનિયા
૩.૪૫, ૯.૪૫

## ઈન્ફોસિટી સ્કૂલના વિદ્યાર્થી ખેલાડીઓ ટે-ક્વોન-ડોમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સ્ટેટ ટે-ક્વોન-ડો ચેમ્પિયનશીપમાં ઈન્ફોસિટી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ વિજેતાક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વજ પટેલ, ઓમ ચૌધરી, પટેલ હર્ષ અને કુશ ચૌહાણે ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં, જેમને સ્કૂલના કોચ અજય જાડેજાએ તાલીમ આપી હતી. ચીફ કોચ તરીકેનું સ્થાન જતીન દવેએ સંભાળ્યું હતું.

આ ઉપરાંત માઉન્ટ આબુ ખાતે આયોજિત રૂરલ નૅશનલ ટે-ક્વોન-ડો ચૅમ્પિયનશીપમાં પણ સ્કૂલના વિદ્યાર્થી વજ હેતલકુમાર પટેલે સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો.

આ તમામ વિદ્યાર્થીઓને મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સહ, પ્રમુખ વૈષ્ણવ સર તથા પ્રિન્સિપાલ પ્રવીણાબેન, દિપ્તીબેને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન આપ્યા હતા.

# લાગણીની અભિવ્યક્તિ એ માત્ર શબ્દોની મોહતાજ




vamlani@yahoo.co.uk

એક સુંદર અંગ્રેજી કવિતા છે. કવિનું નામ ખબર નથી. કવિતામાં પતિ-પત્નીનાં સંબંધોની અભિવ્યક્તિ એવી રીતે કરી છે કે ભાવકના હૃદયમથી વેદનાની એક ટીશ નીકળી જાય. એ અંગ્રેજી કવિતાનો મે કરેલો ભાવાનુવાદ આ મુજબ છે.

શ્રીમાન જીવનસાથી અને શ્રીમતી જીવનસાથીનાં
મકાનમાં
તે અને તેણી
દરરોજ ટેલીવિઝન જોતાં
પણ
આજદિન સુધી
બંને વચ્ચે ક્યારેય સંવાદ થયો ના હતો
એક દિવસ
ટેલીવિઝન અચાનક બંધ થયું,
ને બંને વચ્ચેની ખામોશી તૂટી
તેને તેણીને પુછ્યું "કેમ છો"
"આપણે બંને ક્યારેક મળ્યા હોય એવું લાગતું નથી"
"મારૂ નામ જીવનસાથી" (spouse)
"તમારું નામ?" તેણે પુછ્યું
તેણીએ તેને જવાબ આપ્યો;
"કેમ? મારું નામ પણ એ જ છે"
"તમને લાગે છે કે આપણે બંને કદી.....?"
અચાનક ટેલિવિઝન સરખું થઈ ગયું
અને
તરત જ ખામોશી છવાઈ ગઈ
બંને વચ્ચે, હંમેશ માટે.



માનવીય સંબંધો વિશેનાં એક સેમિનારમાં યુવાનો થી માંડીને આધેડ વયનાં સ્ત્રી-પુરુષો સહભાગી થયાં હતાં. માનવીય સંબંધો વિષેનાં કોઈ એક મુદ્દાની ચર્ચા વખતે તજજ્ઞએ સૌને એક પ્રશ્ન કર્યો કે "તમે છેલ્લે ક્યારે તમારાં માં, બાપ, ભાઈ, બહેન, દીકરા, દીકરી, પતિ કે પત્ની પ્રત્યે પ્રત્યક્ષ રીતે એવી લાગણી અભિવ્યક્ત કરી હોય કે તમે એમને અનહદ પ્રેમ કરો છો? તમે એક દીકરા કે દીકરી તરીકે છેલ્લે ક્યારે તમારાં માં-બાપનાં ખોળામાં સૂતા હતાં? એક માતા કે પિતા તરીકે તમે છેલ્લે ક્યારે તમારા દીકરા કે દીકરી ને તમારા ખોળામાં સુવડાવીને માથામાં હાથ ફેરવતા વહાલ કર્યું હતું અથવા તો તમારા ખભા ઉપર તેમનું માથું રાખીને હેત વર્ષાવ્યું હતું?"

સેમિનારમાં જે સહભાગીઓ યુવાન વયનાં હતાં તેમના સકારાત્મક પ્રતિભાવો એવા હતાં કે તેઓએ તેમના નાના બાળકો પ્રત્યે આ પ્રકારની લાગણી વારંવાર વ્યક્ત કરી હતી અને પોતાના જીવનસાથી પ્રત્યે પણ પ્રેમની લાગણી અભિવ્યક્ત કરી કરતાં રહે છે. આધેડ વયનાં સહભાગીઓ કે જેઓના બાળકો યુવાન થઈ ગયા હતાં અને માં-બાપ વૃદ્ધ થઈ ગયા હતાં તેઓ પ્રત્યેથી બહુ જ ઓછા સકારાત્મક પ્રતિભાવો મળ્યા. તેઓના જીવનસાથી પ્રત્યેની પ્રેમની અભિવ્યક્તિના પ્રતિભાવો પણ ઉત્સાહપ્રેરક ના હતાં.

ઉપરોક્ત કવિતામાં પતિ-પત્ની વચ્ચેની સંવાદીતતાની વાત કવિએ હૂબહૂ આલેખી છે. ખામોશી માત્ર શબ્દોની જ નહીં, લાગણીઓની પણ ખામોશી છવાઈ જતી હોય છે. વાત માત્ર પતિ-પત્નીનાં સંબંધોની નથી. આપણાં કુટુંબમાં અને ઘરમાં જ રહેતાં બાપ-દીકરો, બાપ-દીકરી, માં-દીકરો, માં-દીકરી, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, સાસુ-વહુ, વહુ-સસરા, દિયર-ભાભી, નણંદ-ભોજાઈ અને એવા કોઈપણ પ્રકારના કૌટુંબિક સંબંધો હોય, માનવીય સંબંધોમાં કોઈપણ કારણોસર, કોઈ પણ સમયે, ક્યારેક અચાનક જ ખામોશી છવાઈ જતી હોય છે. એ ખામોશી, લાગણીઓનાં વ્યવહારની ખામોશી, પ્રેમની અભિવ્યક્તિની ખામોશી, ક્યારેક ટૂંકા સમયની ખામોશી, ક્યારેક લાંબા સમયની ખામોશી તો ક્યારેક જિંદગીભરની ખામોશી હોય શકે.

માનવીય સંબંધોમાં જ્યારે આ પ્રકારની ખામોશી છવાઈ જાય છે ત્યારે આપણી બહેરી થઈ ગયેલી લાણીઓને કારણે આપણને એ વાતની ખબર જ નથી રહેતી કે આપણી વચ્ચેના સંબંધો ખામોશ થઈ ગયા છે. હા, ક્યારેક આપણે એના વિષે જાણતા હોઈએ છીએ તો પણ અજાણ બની રહેવાનુ પસંદ કરીએ છીએ. માનવીય સંબંધોમાં દયા, માયા, પ્રેમ, શોક, સંકોચ, શરમ, વિશ્વાસ, સહોનુભૂતિ, માન-સન્માન એવી કોઈપણ પ્રકારની લાગણીની અભિવ્યક્તિ હોય શકે. દરેક વ્યક્તિના હૈયામાં, કોઈપણ વ્યક્તિ પ્રત્યેની, કોઈ પણ પ્રકારની લાગણીઓ મોજાંની જેમ ઊછળતી રહેતી હોય છે. હૈયામાંથી ઊભરતી અને ઊછળતી એ લાગણીઓને વ્યક્ત ના કરીએ, હૈયામાં જ તેને ધરબીને રાખી મૂકીએ, તો એક સમયે એ લાગણીઓ વિસ્ફોટ થઈને બહાર આવી શકે છે જેને સહન કરવું સૌ માટે મુશ્કેલ બની શકે.

લાગણીની અભિવ્યક્તિ એ માત્ર શબ્દોની મોહતાઝ નથી હોતી. શબ્દોના સથવારા વિના પણ લાગણીની અભિવ્યક્તિ થઈ શકે છે. માનવીય સંબંધોમાં બે વ્યક્તિઓ વચ્ચેનાં સંવાદનો અર્થ માત્ર શબ્દોની આપ-લે નહી. શબ્દો વિના પણ લાગણીઓની અભિવ્યક્તિ કદાચ વધારે સારી રીતે થઈ શકે. આંખો દ્વારા અભિવ્યકત થતી લાગણીઓ, સ્પર્શ દ્વારા વ્યક્ત થતી લાગણીઓ, કોઈપણ પ્રકારના કાર્યો દ્વારા અભિવ્યક્ત થતો અહોભાવ, આંખ; કાન; મન; અને હૃદયથી વ્યક્તિને ધ્યાનથી સાંભળીને વ્યક્ત થતી લાગણીઓ, વ્યક્તિની કાળજી લઈને વ્યક્ત થતો પ્રેમ, ચેહરા અને શરીરના હાવભાવ દ્વારા અભિવ્યક્ત થતી લાગણીઓ અને ક્યારેક માત્ર મૌન દ્વારા વ્યક્ત થતી લાગણીઓ, શબ્દો દ્વારા અભિવ્યકત થતી લાગણીઓ કરતાં ક્યારેક વધારે બળવતાર સાબિત થતી હોય છે. જે વાત કહેતા હોઠ ધ્રુજી ઊઠે એ જ વાત આંખો દ્વારા વધારે સરળતાથી અને અસરકારક રીતે કહેવાઈ જતી હોય છે. હા, વ્યકિત જ્યારે મૌનથી લાગણીઓને વ્યકત કરે ત્યારે એ અભિવ્યક્તિ નકારાત્મક ના બની જાય એની કાળજી લેવી પડે કારણ કે મૌનથી વ્યક્ત થતી લાગણીઓને બધા જ લોકો સારી રીતે સમજી શકતા નથી. મૌન દ્વારા બધી જ વ્યકિતઓ લાગણીઓને અસરકારક રીતે વ્યક્ત પણ કરી શકાતી નથી.

વ્યકિત કોઈ પણ રીતે લાગણીઓ વ્યક્ત કરે, કોઈ પણ મધ્યમ પસંદ કરે, પણ લાગણીઓ વિકટ તો થવી જ જોઈએ, લાગણીઓની અભિવ્યકિતનું સાતત્ય પણ રહેવું જોઈએ. લાગણીની અભિવ્યક્તિ માં શરમ કે સંકોચ ને સ્થાન નથી જ.

# શૂટિંગ-વૉલીબોલની રમતમાં લીંબોદરા હાઈસ્કૂલ ચેમ્પિયન



ગાંધીનગર જિલ્લાની લીંબોદરા ખાતેની પીપીઆર શાહ હાઈસ્કૂલ શુટીંગ-વૉલીબોલ સ્પર્ધામાં ચેમ્પિયન બની છે. નેહરુ યુવા કેન્દ્ર દ્વારા પેથાપુર ખાતે યોજાયેલ સ્પોર્ટસ-મીટમાં લીંબોદરા હાઈસ્કૂલની ટીમે વિજેતા પદ હાંસલ કરતા યુથ કો-ઓર્ડિનેટર રજનિકાંત સુથારના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર અર્પણ કરાયા હતા. શાળાનું ગૌરવ વધારનાર વૉલીબોલ ટીમને વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય તેજસિંહ પરમારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**